# ડીસાની બે બહેનોને પતિઓએ ત્રાસ આપી તગેડી મૂકી

ડીસા, તા. ૭

ડીસાની બે પરિણીત બહેનોને તેમના અમદાવાદ સ્થિત સાસરીયાઓએ દહેજની માંગણી કરી અત્યાચાર ગુજારતા છેલ્લા કેટલાક દિવસોથી પોતાના પિયરમાં રહેતી બહેનોએ શહેર પોલીસમકનું શરણું લઈ સાસરીયાના ચાર સભ્યો વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા લાલચંદભાઈ નારણભાઈ લોધાની બે દીકરીઓ પાર્વતીબેન અને ભાવનાબેનના લગ્ન ચાર વર્ષ પહેલા અમદાવાદ ઈસનપુર સરદાર ચોક અંબિકા સોસાયટીમાં રહેતા ગંગાસિંહ ધનસિંહ લોધાના બે દિકરાઓ સાથે સમાજના રીત રિવાજ મુજબ થયા હતા. શરૂઆતમાં બન્ને દિકરીઓને સારી રીતે રાખ્યા પછી છેલ્લા છ માસથી સાસુ સસરાની ચઢામણીથી બન્નેના પતિઓ અવારનવાર મારઝુડ કરી પરેશાન કરતા હતા. પરંતુ ગરીબ ઘરની આ દીકરીઓ ચુપચાપ સાસરીયાનો અત્યાચાર મુંગા મોએ સહન કરતી હતી. પરંતુ એકાદ માસથી પાર્વતીના પતિ વીકી લોધા અને ભાવનાના પતિ મુકેશ લોધા પંદર દિવસ પહેલા ડીસા આવી ઝઘડો કરી તમોને દહેજ લીધા વિના લઈ જઈશ નહી તમને મારી ટુકડા કરી નાખીશુ તેવી ધમકી આપી હતી. આ બાબતે પાર્વતીબેને પતિ વીકીભાઈ ગંગાસિંહ લોધા, ગંગાસિંહ ધનસિંહ લોધા, મુકેશ ગંગાસિંહ લોધા, કમળાબેન ગંગાસિંહ લોધા સામે (રહે. અમદાવાદ ઈસનપુર સરદાર ચોક અંબિકા સોસાયટી) વિરૂદ્ધ ડીસા સહેર પોલીસમથકમાં ફરીયાદ નોંધાવી છે. જો કે પોલીસમાં તા. ૧૧-૯-૨૦૧૨ના રોજ ફરીયાદ નોંધાવી છે. જોકે પોલીસમાં તા. ૧૧-૯-૨૦૧૨ના રોજ ફરીયાદ નોંધાયેલ હોવા છતાં આજ સુધી પોલીસે કોઈ પગલા ભર્યા નથી.



## ડીસા જલારામ મંદિર ખાતે શ્રી જલારામ યુવા સંગઠનની મીટીંગ યોજાઈ

ડીસા ખાતે શ્રી જલારામ યુવા સંગઠન જે સંગઠનમાં જલારામ મંદિરે થી જલારામ જયંતિ નિમિત્તે નિકળનારી શોભાયાત્રા ની તૈયારી રૂપે સમગ્ર રઘુવંશી યુવાનોની મીટીંગ યોજાઈ હતી. જેમાં જલારામ જયંતિ નિમિત્તે સમુહ ભોજન, અન્નકુટ , શોભાયાત્રામાં પાણી વ્યવસ્થા , ટ્રાફીક વ્યવસ્થા, આરતી તેમજ ત્યા મંદિર ની બાજુમાં સમગ્ર સગવડ કરી આવનાર દર્શનાર્થી ને કોઈપણ જાતની તકલીફ ના પડે તે હેતુથી આ મિટીંગ નું આયોજન કરેલ અને સમગ્ર રઘુવંશી યુવાનો આ શ્રી જલારામ યુવા સંગઠનમાં જોવા માટે આવાહન કરવામાં આવેલ તેમજ આ મીટીંગમાં શ્રી જલારામ યુવા સંગઠનના તમામ સભ્યો હાજર રહેલ.

## હિંમતનગરમાં કોંગ્રેસ મહા સંમેલનની તૈયારીની બેઠક મળી

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના સહકાર હોલ ખાતે બુધવારના રોજ બપોરે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી ૧૧મી નવેમ્બરના રોજ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યકરોનું મહાસંમેલન કોંગ્રેસના શંકરસિંહ વાઘેલા, મધુસુદન મિસ્ત્રી અને ઈર્શાદબેગમ મિર્જાની અધ્યક્ષતામાં યોજાનાર છે તેની પૂર્વ તૈયારી માટે એક બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા પ્રમુખ-ડાહ્યાભાઈ પટેલ, વી.ડી. ઝાલા, માનસિંહ ઠાકોર, ભાર્ગવભાઈ ઠક્કર, મણીભાઈ વાઘેલા, નિર્મલાબેન પંચાલ, અનીલ જોષીયારા, મહેન્દ્રસિંહ વાઘેલા, કલ્પનાબેન ભાવસાર, મહેશભાઈ પટેલ, ડૉ. બી.ડી. ડામોર, અંબાલાલ ઉપાધ્યાય, અમીચંદ પટેલ, શ્વેતાબેન પટેલ, મહેન્દ્રસિંહ બારૈયા, ફારકભાઈ ખણુંશિયા, બળવંતસિંહ દેવડા, ઈશાક શેખ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના તેર તાલુકાના આગેવાનો હાજર રહ્યા હતાં.

## ગાંભોઈ આરોગ્ય કેન્દ્રમાં કારચાલક તરીકે ફરજ બજાવતા ઈસમે દવા પી આત્મહત્યા કરી

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર તાલુકાના ગાંભોઈના સરકારી દવાખાને કાર ચાલક તરીકે ફરજ બજાવતા હમીરગઢ ગામના ૪૨ વર્ષીય મંગાજી માધાજી પરમાર ૫મી નવેમ્બરને સોમવારના રોજ સાંજના ૫ વાગેના સુમારે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઘઉં માં નાખવાની દવા સલ્ફેટની ગોળીઓ ખાઈ ગયેલ જેને તાત્કાલિક ગાંભોઈ સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લઈ ગયેલ જ્યાંથી શહેરની મેડીસ્ટાર હોસ્પિટલમા દાખલ કરેલ જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રીના મંગાજીનું મૃત્યુ થયું હતું. આ અંગે મેડીસ્ટાર હોસ્પિટલના ડોક્ટર મોહિત દેસાઈએ હિંમતનગર ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે ગાંભોઈ પોલીસમથકના પીએસઆઈ જે. આર. ઝાલાએ જણાવેલ કે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા માધાજી પરમારનું મરણ થયું છે. વધુ તપાસ ચાલુ છે.

### દાંતીવાડાથી બનાસ નદીના પુલ સુધીનો મુખ્ય માર્ગ

# છેલ્લા ત્રણ વર્ષથી બિસ્માર બનતા સ્થાનિકોમાં આક્રોશ

દાંતીવાડા, તા.૭

બનાસકાંઠાના દાંતીવાડા ગામથી બનાસનદીના પુલ સુધીનો અંદાજે-૩ કિ.મી. લાંબો મુખ્ય માર્ગ છેલ્લા ૩-૪ વર્ષથી ભારે ખાબડ-ખુબડ અને બિસ્માર બન્યો છે. જેથી દરરોજ હજારો રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. પરિણામે સ્થાનિકો આ મામલે ઉગ્ર આક્રોશ સાથે સ્થાનિક માર્ગ અને મકાન વિભાગને સત્વરે માર્ગનું સમાર કામ કરવા માંગણી કરી રહ્યા છે.



(તસવીર : પ્રવીણ પટેલ, દાંતીવાડા)

પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં દાંતીવાડા ગામથી બનાસનદીના પુલ તરફનો અંદાજે-૩ કિ.મી. અંતર ધરાવતો મુખ્ય માર્ગ ૩-૪ વર્ષ પહેલા જ માર્ગ મકાન વિભાગ દ્વારા કરોડોના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. પરંતુ છ મહિનાના ટૂંકા ગાળામાં જ તંત્રની પોલ ખુલી ગઈ અને જે આજે પણ દેખાય છે. આ મુખ્ય માર્ગ પર ઠેર ઠેર મોટા મોટા ખાડા, માટીના ઢગલા તેમજ ગમે તેમ મારેલા થિગડા જોવા મળી રહ્યા છે. જે અવારનવાર અકસ્માતને નોતરે છે અને કેટલાકનો ભોગ પણ લેવાયો છે. ૩-૩ વર્ષ વિતી ગયા હોવા છતાં પણ આજ દિન સુધી તંત્ર આ મામલે નજર સુધ્ધા નાંખવા આવ્યું નથી અને માત્ર રૂપિયા રળવામાં જ વ્યસ્ત છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિકોના માથાના દુખાવા સમાન આ બિસ્માર માર્ગથી સ્થાનિકો ભારે પરેશાન થઈ ગયા છે અને ઉગ્ર રોષ સાથે સત્વરે આ માર્ગનું સમારકામ હાથ ધરવામાં આવે તેવી માર્ગ મકાન વિભાગના સત્તાધિશો સમક્ષ માંગણી કરી છે.

# કડિયાદરા ગામના યુવાનની હત્યા : યુવાનના હાથ પગ બાંધી કુવામાં નાખી દીધેલ

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કડિયાદરા ગામના યુવાનની સીમના એક કુવામાંથી બુધવારના રોજ વહેલી સવારે હાથ પગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે ઈડર પોલીસમથકે શામળભાઈ રવજીભાઈ ખાંટે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત આપતા ઈડર પોલીસ મથકના પી.એસ. આઈ. કે. પી. મકવાણાએ જણાવેલ કે કડિયાદરા ગામમાં રહેતા ૩૨ વર્ષીય હરેશભાઈ રવજીભાઈ ખાંટ જે જે.સી.બી. પર ચાલક તરીકે કામ કરે છે. જે હરેશભાઈ ૫મી નવેમ્બરના રોજ સવારે ઘરેથી કામ પર ગયેલ જે છેલ્લા બે દિવસથી પરત આવ્યો ન હતો. દરમિયાન બુધવારના રોજ વહેલી સવારે કડિયાદરા ગામની સીમ આવેલ મહેન્દ્રભાઈ મણીલાલ પંડ્યાના પુષ્કળ પાણીથીભરાયેલા કુવામાં હરેશભાઈની હાથ પગ બાંધેલી હાલતમાં મૃતદેહ તરતો હોવા અંગેની જાણ ઈડર પોલીસમથકે કરી હતી.

જેથી પોલીસ સ્ટાફ સાથે સ્થળ પર જઈ મૃતદેહ બહાર કાઢી તપાસ કરી પોસ્ટમોર્ટમ માટે ઈડર સરકારી દવાખાને મોકલી આપી હતી. આ અંગે પી.એસ.આઈ. કે.પી. મકવાણાએ જણાવેલ કે મળેલ હરેશભાઈનો મૃતદેહ પર કોઈ ઘાના નિશાન મળી આવ્યા નથી પરંતુ તેના હાથ પગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

હવે પોસ્ટમોર્ટમ બાદ હત્યા કેવી રીતે થઈ છે કારણ જાણવા મળશે. કુવા પાસેથી હત્યા કરેલ હરેશભાઈનું પાકીટ મળી આવ્યું હતું તે સિવાય કોઈ પગેરૂ મળ્યું નથી. આ અંગે ઈડર પોલીસ મથકે સામળભાઈ રવજીભાઈ ખાંટે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# યુવાનોમાં થઈ રહેલો હૃદય રોગના હુમલાનો વધારો ચિંતાજનક

મહેસાણા, તા.૭

હૃદય રોગ આજે દેશ અને દુનિયામાં સૌથી ચિંતાજનક રીતે વધી રહેલો રોગ છે. કોરોનેરી હાર્ટ ડિસીઝ એ હૃદય સંબંધિત રોગ છે. કાર્ડિયો વાસ્ક્યુલરડિસીઝ આજે ભારતમાં થતા મૃત્યુનું નંબર વન કારણ છે.

૨૦૧૦માં જ ભારતમાં લગભગ ૪.૫ કરોડ દર્દીઓ કોરોનરી આર્ટરી ડિસીઝના જોવા મળેલ છે અને આ આંકડો ૨૦૧૫ સુધીમાં લગભગ ૬.૦ કરોડ સુધી જવાની સંભાવના છે, જેનું મુખ્ય કારણ છે ફાસ્ટ ફૂડનો જમાનો અને વધતી જતી મેદસ્વીતા (જાડાપણું) એક અંદાજ મુજબ દુનિયાભરમાં ૧.૮ કરોડ બાળકો સામાન્ય કરતાં વધુ વજન ધરાવેછે. ભારતની જ વાત કરીએ તો દુનિયાભરમાં સૌથી વધુ ડાયાબિટીસના દર્દીઓ આપણા દેશમાં છે જે હાર્ટ એટેકનું મુખ્ય કારણ છે.

હાઈ બી.પી.ની વાત કરીએ તો, આપણા દેશમાં માત્ર ૨૫ ટકા વ્યકિતઓના જ બ્લડપ્રેશર નોર્મલ રેન્જમાંછે. આપણામાંથી ૫૦ ટકા હાઈ બી.પી.ના દર્દીઓ છે અને ૨૫ ટકા હાઈ બી.પી. થવાની તૈયારીમાં છે. માત્ર ૨૦૧૦માં જ આપણા દેશમાં ૧,૨૦,૦૦૦થી વધુ કાર્ડિયાક સર્જરી થઈ છે.

ઉ.ગુજરાતના એકમાત્ર કાર્ડિયોલોજીસ્ટ અને મહેસાણા ખાતે લાયન્સ સ્ટર્લીંગ હોસ્પિટલના ઈન્ચાર્જ કાર્ડિયો લોજીસ્ટ ડૉ. કમલેશ ઠક્કરના જણાવ્યા મુજબ 'આપણા દેશમાં હૃદયરોગનું વધતા જતા પ્રમાણનું મુખ્ય કારણ એ દિન પ્રતિદિન બેઠાડું જીવન, ફાસ્ટ ફૂડનો વધુ ઉપયોગ, નિયમિત કસરતનો અભાવ, તમાકુનુંસેવન, હાઈ બી.પી., ડાયાબિટિસ, જાડાપણાના કેસોમાંથી રહેલો વધારો, હૃદય રોગને થતો અટકાવવાના પ્રયત્નોનો સદંતર અભાવ મુખ્યત્વે જવાબદાર છે.'

ડૉ. ઠક્કરના જણાવ્યા મુજબ તેમની પાસે ૩૦ થી ૪૦ વર્ષના યુવાન ભાઈ બહેનો કે જે હૃદયની બિમારી ધરાવતા હોય તેવા કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. જે આપણી જુની માન્યતા કે હાર્ટએટેક માત્ર ઉંમરલાયક વ્યકિતઓને જ આવી શકે છે તેને ખોટું સાબિત કરી રહ્યું છે. હાર્ટએટેકના ૨૫ ટકા દર્દીઓ ભારતમાં ૪૦ વર્ષની નીચેના જોવા મળે છે.

ડૉ. તુષાર એફ. પટેલના જણાવ્યા મુજબ હાર્ટ એટેકના દરેક દર્દીએ નિયમિત દવાઓ જેવી કે એસ્પીરીન, સ્ટેટીન વગેરે લેવાની સાથે બી.પી. ડાયાબિટીસને પણ કાબૂમાં રાખવું જોઈએ. વધુમાં તેઓ જણાવે છે કે નિયમિત કસરત, વ્યસન નાબૂદી, વજનમાં ઘટાડો વગેરે પણ આવા કેસોમાં લાભદાયી રહે છે.

બાયપાસ સર્જરીમાં જૂની પદ્ધતિ કરતા છાતીની બંને નળીઓ વાપરવાથી દર્દીને ઘણાં વર્ષો સધી સારું રહે છે. જેની સર્જરી ડૉ. તુષાર પટેલ દ્વારા મહેસાણામાં કરવામાં આવે છે. ડૉ કમલેશ ઠક્કરના જણાવ્યા મુજબ બિમારી થતાં પહેલા તેને અટકાવવી વધુ લાભદાયક છે. ૩૫ વર્ષથી ઉપરના દરેક વ્યકિતએ નિયમિત વાર્ષિક હેલ્થ ચેક અપ અને કાર્ડિયો લોજીસ્ટની વિઝિટ કરવી જોઈએ.

## ઉલટા ચશ્મા સિરિયલની ટીમે અંબાજીમાં દર્શન કર્યા

કોમેડી સિરિયલ તારક મહેતાના ઉલટા ચશ્મા સિરિયલ તેના એક હજાર એપીસોડ પુરા કરતા સમગ્ર કલાકારોની ટીમ જગત જનની જગદંબાના દર્શન હેઠળ અંબાજી ખાતે આવી પહોંચી હતી. જયાં અહીં તેમણે જગદંબાના દર્શન કરી મા અંબાના મંદિરે ધજા ચડાવી આરતી ઉતારી અને સિરિયલનું શુટિંગ કર્યું હતું. અંબાજી ખાતે આજે વહેલી સવારે તારક મહેતાના ઉલટા ચશ્માની ટીમ અંબાજી મંદિર ખાતે આવી પહોંચતા કોમેડી સિરિયલના કલાકારને જોવા લોકોની ભારે ભીડ જામી હતી. અંબાજી ખાતે માતાજીના મંદિરમાં દર્શન કરવા સહિત સમગ્ર ટીમે ધજા ચડાવી ચાચર ચોકમાં ગરબે ઘુમી મા અંબાની આરતી ઉતારી હતી તો વળી ગબ્બર ખાતે જઈ મા અંબાના મુળસ્થાન ગબ્બર જઈ અખંડ જયોતના દર્શનનો લ્હાવો લીધો હતો. તથા એક હજાર આઠમા એપિસોડ માટે શુટિંગ કર્યું હતું. તારક મહેતાના ઉલટા ચશ્માની સમગ્ર ટીમ અંબાજી દર્શન કરવા આવી હોવા બાબતે પ્રોડયુસર આસીત મોદીએ ૧ હજાર એપીસોડ પુરા તથા જગદંબાના આર્શીવાદ મેળવવા આવ્યા હોવાનું જણાવ્યું હતું.

## પુનાસણનો યુવાન ગુમ થતા ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પુનાસણ ગામના યુવાન હિંમતનગર કોલેજમાંથી પરીક્ષા આપવા આવેલી જે ઘરે પરત નહિ પહોંચતા હિંમતનગર ટાઉન પોલીસમથકે બુધવારના રોજ જાણવા જોગ ફરિયાદ નોંધાઈ હતી. વિગત મુજબ પુનાસણ ગામના રમેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિનો ૨૨ વર્ષીય પુત્ર ઉત્તમકુમાર હિંમતનગરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે જે મંગળવારના રોજ સવારે પુનાસણથી હિંમતનગર ૧૧ વાગે પરીક્ષા આપવા આવ્યો હતો જે પરીક્ષા બપોરે ૧.૩૦ પૂર્ણ થયા બાદ તે મોડી સાંજ સુધી ઘરે ના પહોંચતા તેના માતા પિતા અને પરિવારજનો શોધખોળ કરી હતી. પરંતુ કોઈ ભાળ ના મળતા બુધવારના રોજ હિંમતનગર ટાઉન પોલીસમથકે રમેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિએ જાણવા જોગ ફરિયાદ નોંધાઈ હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



પાલનપુર-અમદાવાદ હાઈવે નજીક આદીવાસી કુમાર છાત્રાલયમાં મંગળવારે બપોરે ભોજન લીધા બાદ સાંજના સુમારે આજ છાત્રોને ખોરાકી ઝેરની અસર થતાં દોડધામ મચી જવા પામી હતી. અને તમામ અસરગ્રસ્તોને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પાલનપુર-અમદાવાદ હાઈવે નજીક કેથોલીક આશ્રમ સંચાલિત આદિવાસી કુમાર છાત્રાલયમાં સુમારે છાત્રોએ બપોરના સમયે ભોજનમાં દાળ અને રોટલી આરોગી હતી. જો કે મોડી સાંજના સુમારે સાત સાત્રોને ઉલટીઓ થતાં સ્ટાફમાં દોડદામ મચી જવા પામી હતી. દરમિયાન પ્રિન્સીપાલ ઉકાભાઈએ તમામ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તાત્કાલિક સારવાર હાથ ધરી હતી.

## જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર પુષ્પાબેન તે દીલીપસિંહ ગાંડાજી ગોહિલની સધવા પત્ની રહે. વાવોલનાઓ આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે ગામ વાવોલની હદમાં આવેલ રે. સ. નં. ૩૫૦ અને ૩૮૫ની જમીનો વડીલોપાર્જીત આવેલી છે અને તેમાં અમારા પતિનું નામ સહમાલિક તરીકે ચાલે છે. તેનો ગેરલાભ ઉઠાવી કેટલાક ઇસમો તેમને ખોટી સોબતે અને કુટેવે ચઢાવી, ભરમાવી, ફોસલાવી સદર જમીનો બાબતે લખાણો કરાવી લેવાની પેરવી કરતા હોઇ કોઇએ તેમની સાથે અમારી રજા સંમતિ સિવાય લખાણ કરાર કરવા નહીં તેઓ સંપૂર્ણપણે શુદ્ધ-બુદ્ધિથી જાતે નિર્ણય લઇ શકતા ન હોઇ તેમની સાથે ઉપરોક્ત મિલકત બાબતે કોઇ પણ જાતની લેવડ-દેવડ કે નાણાંકીય વ્યવહાર કરવા કરાવવા નહીં અને તેમ છતાં તેમ કરવામાં આવશે કે તેમ કરેલ હોવાની જાણ થશે તો તે બાબતની અમારી કોઇ જવાબદારી બનશે નહીં અને મિલકતમાં કોઇ હક્ક મળશે નહીં. તેવા મુક્ત સંમતિ વિનાના વ્યવહાર થયેલ હોવાનું જાણમાં આવશે તો તે અમોને બંધનકર્તા રહેશે નહીં અને તેને સક્ષમ કોર્ટમાં અમો પડકારીશું અને તેમાંથી નીપજતા તમામ ખર્ચ, જોખમ અને પરિણામની જવાબદારી અમારી રહેશે નહિં. જેની સર્વએ ખાસ નોંધ લેવી.

**અસીલની સૂચના અને ફરમાઇશથી** — **અમારી મારફતે**
**પુષ્પાબેન દિલીપસિંહ ગોહિલ** — **રાકેશ એલ. પટેલ**
**તા. ૭-૧૧-૧૨** — **(એડવોકેટ)**
**ગાંધીનગર** — **પ્લોટ નં. ૯૮૬/૨,**
**સેક્ટર-૫/સી, ગાંધીનગર**


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન